પાપથી બચવા અને પુણ્યના ગુણાકારો કરવા...

*Don't miss this*

# વરઘોડામાં જતાં પહેલાં



**પ્રિયમ્**

***Heart to Heart***

રથાયાત્રા
સામૈયું
ચૈત્યપરિપાટી
વગેરે માટે
ગાઈડ-લાઈન

વરઘોડો

એ દેખાડો નથી

જિનશાસનની પ્રભાવનાનું અંગ છે.

શરત એટલી જ

કે એ વિધિપૂર્વક નીકળતો હોય.

જો અવિધિ થઈ

તો એ જ વરઘોડો

જિનશાસનની અપભ્રાજના પણ કરી શકે છે.

**I say please,**

**Beware of it.**

**એક સાધુની હત્યા કરવાનું જેટલું પાપ છે**

**એટલું જ પાપ**

**જિનશાસનની અપભ્રાજનાનું પણ છે.**

વરઘોડો સરસ નીકળે

તો હજારો જણ બોધિબીજ પામી શકે છે.

વરઘોડો વિચિત્ર નીકળે

તો હજાર જણ બોધિદુર્લભ બની શકે છે.

**ચાલો,**

**આપણે સ્વયં સરસ બનવાનો પ્રયાસ કરીએ**

**પછી વરઘોડો ય સરસ નીકળશે**

**ને જિનશાસનની પ્રભાવના પણ સરસ થશે.**

**Come,**

**Let's go.**

સંસારના દરેક પ્રસંગોમાં
આપણને કેટલો ઉત્સાહ હોય છે !
હશે... જોઈશું... આપણને અનુકૂળતા હશે
તો આપણા અનુકૂળ સમયે જઈશું
આવી બધી વાતો ધર્મમાં જ આવતી હોય છે.

**Please,**
**Respect the religion.**
પૂ. હરિભદ્રસૂરિ મહારાજા
Respect ની સરસ Defination કરે છે –

**आदरो यत्नातिशयः**

ખૂબ વિશેષ પ્રયત્ન સાથે કરવું
એનું નામ આદર.

વરઘોડામાં જવાનો થનગનાટ હોય,
લગ્નમાં પહેરવા જેવા વસ્ત્રો પહેર્યા હોય,
Before time પહોંચી ગયા હોઈ,
ચહેરા પર આનંદ આનંદ વરતાતો હોય,
ઘરના પ્રસંગ જેવો ઉમળકો હોય
એનું નામ ખૂબ વિશેષ પ્રયત્ન.

**That's respect.**
**That's the foundation of the religious activity.**

ન જવું... મોડા જવું.... સાદા કપડે જવું...
કોઈ મરી ગયું હોય એવું મોઢું લઈને જવું...
આ બધો અનાદર છે.
આ બધું એક પ્રકારનું ધર્મનું અપમાન છે.
આદર આપણને સરસ આવડે છે

પણ સંસારના ક્ષેત્રે ઘરના પ્રસંગોમાં
કારણ કે એ આપણને આપણા લાગે છે.

**The fact is this**
**આપણું ફક્ત જિનશાસન છે**
**બીજું બધું જ પારકું છે.**

'આપણા'માં આપણે ઢીલા રહીએ છીએ
ને 'પારકા'માં સંપૂર્ણ ઓત-પ્રોત થઈ જઈએ છીએ.
એટલે આપણું ઠેકાણું પડતું નથી.
આપણે સુખી થઈએ એ માટે આટલું જ જરૂરી છે
**કે જિનશાસન આપણને 'આપણું' લાગે**
**ઘર લાગે.**
**ધર્મની તમામ આરાધનાનો પાયો આ જ છે.**

**વરઘોડામાં સાંસ્કૃતિક વેષ પહેરવો જોઈએ.**
**વિદેશી વેષ શોભાસ્પદ નથી થતો.**
તેમાં ય બહેનોને તો ઉલ્ટુ લજ્જાસ્પદ થાય છે.
હકીકતમાં
ફક્ત વરઘોડામાં કે જિનાલય વગેરેમાં જ નહીં,
ઘર સુદ્ધામાં પણ બહેનોએ વિદેશી વેષ પહેરવા જેવો નથી.
બધાં બધુ સમજે છે ને છતાં ય....

I suggest a book - લવ યુ ડોટર.
There is a complete life development course
for your daughter in this book.

દરેક પિતાએ આપવા જેવી
ને દરેક નારીએ વાંચવા જેવી બુક.
(પ્રકા. શ્રી નવભારત સાહિત્ય મંદિર)

અહીં જે વિષય નથી છેડવો
એ આખો ય વિષય એમાં આવી જાય છે.
એ શરમજનક પ્રદર્શન
વરઘોડામાં પણ ન થાય એ બેહદ જરૂરી છે.

હવે બહુ જ મહત્ત્વની વાત.
વરઘોડામાં ચાલવાની.
**મને ઘણી વાર વિચાર આવ્યો છે**
**કે જ્યાં સુધી આપણને વરઘોડામાં ચાલતા ન આવડે**
**ત્યાં સુધી આપણે વરઘોડો ન કાઢવો જોઈએ.**
ગુરુ ભગવંતોની આગળ આગળ ચાલવું,
બેન્ડવાળાની આજુ–બાજુ ચાલવું,
ગુરુભગવંતોના વચ્ચે ઘુસી–ઘુસીને ચાલવું...
આ બધું જ કેટલું બેહુદું હોય છે !

**"બધા જ ભાઈઓને વિનંતી છે,**
**કે ગુરુ ભગવંતોની પાછળ આવી જાય."**
આવી છડે ચોક જાહેરાતો કરવી પડે.
એ શું જિનશાસનના ધજાગરા નથી ?
શું આપણને આપણા ગુરુ ભગવંતોની
આટલી પણ કિંમત નથી ?
શું આપણા મનમાં એવી રાઈ ભરેલી છે
કે આપણે એમના કરતાં પણ મહાન છીએ ?

**ગુરુ ભગવંતની આગળ ચાલો કે પાછળ ચાલો**
**પહોંચવાના સમયમાં કોઈ જ ફેર પડવાનો નથી**
**એટલું જ અંતર કાપવાનું છે**
**એટલાં જ પગલાં ચાલવાના છે**

**પણ ચાલવા ચાલવામાં આસમાન-જમીનનો ફરક છે.**
**પાછળ ચાલવામાં જિનશાસનની ગરિમા વધે છે.**
**આગળ ચાલવામાં જિનશાસની ગરિમા**
**સાવ જ ચૂંથાઈ જાય છે.**

એક બાજુ આપણે ઢોલ-નગારા-બેન્ડ-વાજા
વગાડી વગાડીને આખા ગામનું ધ્યાન દોરીએ
ને બીજી બાજુ
એ બધાં જ પ્રેક્ષકોને દેખાડીએ
કે 'જુઓ-અમારા ગુરુભગવંતોની
અમે આવી આમાન્યા જાળવીએ છીએ
અમને એમના પ્રત્યે આવું સમ્માન છે.'

**पूजितपूजको हि लोकः**
જેમને સમ્માન મળતું હોય
તેમનું લોકો સમ્માન કરે છે.
આપણો અવિનય જોઈને
લોકો એવું જ શીખવાના
કે આ સંતોની કોઈ જ કિંમત નથી.

**આપણે જ આપણા ગુરુ ભગવંતોનો**
**આદર નહીં કરીએ**
**તો બીજા તો ક્યાંથી કરવાના છે.**
ઘણા ભાગ્યશાળીઓને ગુરુ ભગવંતો પાસે
હાજરી પૂરાવવાની ભાવના હોય છે.
તેથી તેઓ તેમને વંદના-શાતાપૃચ્છા કરવા માટે
તેમની પાસે આવે,
પછી તેમની સાથે સાથે જ ચાલવા માંડે

ભલું હોય તો વાતો કરવાનું ચાલું કરે,
આ બધું જ અનુચિત છે.
હકીકતમાં સાચી ગુરુભક્તિ–શાસનભક્તિ હોય,
તો હાજરી પૂરાવવાનું મન ન થાય.
સામૈયામાં આપણા સ્થાને રહેવાનું ઔચિત્ય છે.
ઢગલાબંધ લોકો હાજરી પૂરાવે
એમાં સામૈયાની શોભા રહેતી નથી.
આખું ય ચિત્ર બગડી જતું હોય છે.
**આગળ માત્ર મુનિવૃંદ**
**એમની પાછળ શ્રાવકવૃંદ**
**એમની પાછળ સાધ્વીવૃંદ**
**એમની પાછળ શ્રાવિકાવૃંદ**
**આ ક્રમ અણિશુદ્ધ રીતે સચવાય**
**એમાં જ આપણી પણ શોભા છે**
**અને શાસનની પણ શોભા છે.**

ગુરુ ભગવંતોને શાતા પૂછીને તેમની સાથે સાથે
ચાલનારા શ્રાવકો પાછળ રહેલા મુનિ ભગવંતોની
આશાતના કરી રહ્યા હોય છે.
પરમ પાવન શ્રી **ઉત્તરાયધ્યયન સૂત્ર**માં કહ્યું છે –
**ण पुरओ ।**
કદી પણ ગુરુની આગળ ન ચાલવું જોઈએ.
**ण पक्खओ ।**
કદી પણ ગુરુની સાથે સાથે ન ચાલવું જોઈએ.
**णेव किच्चाण पिट्ठओ ।**
કદી પણ ગુરુની લગોલગ પાછળ ન ચાલવું જોઈએ.

આગળ ચાલવામાં ઉદ્ધતાઈ ને શેઠાઈ છે.

**સાથે ચાલવામાં સમકક્ષતા–સમોવડિયાપણું છે.**

**આ પણ એક જાતની ઉદ્ધતાઈ છે.**

પાછળ લગોલગ ચાલવામાં ગુરુ ઊભા રહે

તો અથડાઈ જવાય સંઘટ્ટો થઈ જાય

માટે પાછળ પણ લગોલગ ન ચલાય.

મુનિવરો માટે વાતો કરતા ચાલવું તે શાસ્ત્રનિષિદ્ધ છે.

**પુષ્પમાલા ગ્રંથ**માં કહ્યું છે –

**कहंतो ण रीइज्ज ।**

વાત કરતાં કરતાં ના ચાલવું.

આપણા પ્રત્યેના દાક્ષિણ્યથી

પૂજ્યો વાત કરે તેમાં તેમને દોષ લાગે છે

અને આપણને ય નિમિત્ત બનવાનો દોષ લાગે છે.

**હંમેશા ઈર્યાસમિતિનું પાલન કરતા પૂજ્યો પણ**

**વાતોમાં ધ્યાન હોવાને કારણે**

**ઈર્યાસમિતિના ઉપયોગને ગુમાવે છે.**

‘‘સાહેબ, નીચે ખાડો છે...’’

‘‘સાહેબ... જરા આમથી... નીચે છાણ છે...’’

આવા ઈશારાઓની પૂજ્યોને શું જરૂર હોય ?

પણ આપણી અયોગ્ય વર્તણુંકને કારણે

પૂજ્યોને આવી શરમજનક સૂચનાઓ આપવી પડે છે.

વાતો કરતા આપણું પોતાનું ધ્યાન

ચાલવામાંથી ઉઠી જાય છે,

પરિણામે આપણા બૂટની છાપ

મહાત્માના પગ પર પણ આવી જતી હોય છે.

**Just imagine,**

**એમના ખુલ્લા પગ ઉપર**
**આપણા સાંઈઠ કિલોના વજનની કેવી અસર થતી હશે !**
**આ કેટલી મોટી આશાતના !**

બૂટવાળાને આ પીડાનો કે આશાતનાનો
કોઈ જ અંદાજ હોતો નથી.
સેંકડો મહાત્માઓને આવો અનુભવ થાય છે
એ એક હકીકત છે.

**ઈર્યાસમિતિનું શુદ્ધ પાલન કરતાં કરતાં**
**ત્યાગ અને વૈરાગ્યની જીવંત પ્રતિમા જેવા ગુરુભગવંતો**
**શ્રીસંઘમાં શિરમોર સ્થાને ચાલતા હોય**
**આ દૃશ્ય હજારો આત્માઓને**
**બોધિબીજનું દાન કરવા માટે સમર્થ હોય છે.**
**આપણો અવિનય અને આપણું અનૌચિત્ય**
**એ હજારો આત્માઓને**
**બોધિબીજની પ્રાપ્તિમાં અંતરાય કરતો હોય છે**
**એનો આપણને કોઈ ખ્યાલ જ હોતો નથી.**

આ રીતે તો વરઘોડાનો
મૂળ ઉદ્દેશ્ય જ મરી પરવારે છે.
કેટલી દુઃખદ ઘટના !

Please,
સાધુમિશ્રિત શ્રાવકોના ટોળા જેવા
બેહુદા ચિત્રનું સર્જન ન કરો.
મુનિવૃંદની ગરિમાને ડહોળો નહીં.
શ્રીસંઘના અગ્રણી જેવા શ્રાવક

આચાર્ય મહારાજની જોડે જોડે ચાલે
એવા અપવાદની કોઈ જ જરૂર નથી.
અગ્રણીમાં તો ખાસ એવો વિવેક હોવો જ જોઈએ
કે હું કાંઈ ગુરુ ભગવંતોનો જોડીદાર નથી.
હું તો એમનો સેવક છું.
મારી પાસે ભલે કરોડો રૂપિયા હોય,
એક નાનામાં નાના મહાત્માની પણ
આધ્યાત્મિક શ્રીમંતાઈની તુલનામાં તો
હું સાવ જ દરિદ્ર છું.
મારાથી મહાત્માને પીઠ કરીને
એમની આગળ આગળ ચલાય જ શી રીતે ?

**જેમનામાં આટલો ય વિવેક ન હોય**
**તે હકીકતમાં**
**'અગ્રણી' કહેવડાવવાને યોગ્ય જ નથી.**
**'અગ્રણી' જ આવા હોય**
**ત્યાં બીજા પાસે શું આશા રાખવી ?**

બહુધા એવું બને છે
કે નાના મહાત્માની પાછળ
એક પણ શ્રાવક બચ્ચા હોતા નથી
સીધા સાધ્વીજી મ.સા. હોય છે.
ખૂબ ખૂબ ધન્યવાદ એમને કે એ તો મર્યાદામાં રહે છે.
વળી માઈકમાં આકાશવાણી થાય છે –
**''બહેનો બધા સાધ્વીજી મ.સા.ની પાછળ આવી જાય.''**

એ બધાંને ક્યાં પહોંચી જવું હોય છે
એ એક ગંભીર સંશોધનનો વિષય છે.

ખાસ કરીને છ'રી પાલિત સંઘયાત્રામાં
આવી ઉતાવળ ઔચિત્યની બાઉન્ડ્રીને
સાવ જ ક્રોસ કરી દેતી હોય છે.

**Why ? શા માટે ?**
**આનો અર્થ શું ? આનો ફાયદો શું ?**
**આપણે શાંતિથી વિચાર કરીએ**
**તો કદાચ આપણને આપણી જાત**
**ભોટ અને ગાંડી લાગશે.**

Please stay in limit.
Please follow the maner.
ખરેખર,
એનાથી આપણી પણ શોભા વધશે
આપણને આપણા માટે ગૌરવ થશે.
**એક વાર પ્રયોગ તો કરી જુઓ,**
**અંતરમાં સાચા આનંદનો અનુભવ થશે.**

અમુક પ્રદેશના સામૈયા વગેરેમાં
ઢોલી પાંચ-સાત ડગલા ચાલીને ઊભો રહી જાય.
થોડી નોટોનો વરસાદ વરસે એટલે આગળ ચાલે,
ફરી પાંચ-સાત ડગલા ચાલીને ઊભો રહી જાય,
**અપેક્ષિત રકમ ન આવે ત્યાં સુધી આગળ ચાલે નહીં.**
આપણે ય ત્યાં ઘેરો ઘાલીએ
બધાંને મોટી મોટી નોટો બતાવી બતાવીને આપીએ....
ફરી પાંચ-સાત ડગલા ચાલીને ફરી એ જ સ્થિતિ...
નોટોના ઈશારા કરી કરીને એને
તબલાતોડ તબલા વગાડવાની પ્રેરણા કરાય.

ઢોલ છે'ક ગુરુ ભગવંતને
અડવાનો જ બાકી રહી ગયો હોય
**આવો કાનફાડ અને પૈસાની જ મહત્તા**
**દેખાડતો માહોલ**
**સામૈયાની શોભાસ્પદ સ્થિતિને તો ડહોળે જ છે**
**જિનશાસનના સ્વરૂપને પણ**
**જાહેરમાં વિકૃત રીતે પ્રસ્તુત કરે છે.**

ક્યારેક એકાન્તમાં ગુરુ ભગવંતને પૂછજો તો ખરા,
'આપના પર શું વીતતી હોય છે ?'
જાણે ઢોલીને ઝોળી ભરવાનો જ
આખો પ્રોગ્રામ હોય ને એમાં હેરાન કરવા માટે
આપણે ગુરુ ભગવંતને લઈ આવ્યા હોઈએ,
એવી આ ઘટના હોય છે.

ઢોલીને એના નસીબના રૂપિયા મળે
એનો કોઈ જ વાંધો નથી
પણ એ સામૈયાના અંતે કે વચ્ચે ક્યાંક એકાદ વાર હોય
તો બહુ થઈ ગયું.
રૂપિયા ભલે એને જેટલા મળતા હોય, એટલા જ મળે.
પણ સામૈયું આવો તમાશો તો ન બને !
નોટો આપવા આગળ આવતા મહાનુભાવોથી
પૂ. ગુરુ ભગવંતોને ધક્કા ને હડસેલા તો ન ખાવા પડે !
હકીકતમાં આશય ઢોલીને પૈસા આપવાનો નથી હોતો,
મોટે ભાગે જાહેરમાં પોતાની મોટાઈ દેખાડવાનો આશય હોય છે.

**લોકોના ટોળા વચ્ચે મોટી મોટી નોટોને દેખાડીને આપતા મહાનુભાવો જિનશાસનના કોઈ કાર્ય માટે નાની-સાવ નાની**

**રકમ પણ ગુપ્ત રીતે આપી શકતા હશે કે કેમ ?**
**એ લાખ રૂપિયાનો પ્રશ્ન છે.**

ઢોલીના સંદર્ભમાં એક બીજી વાત,
ગામડાઓના સામૈયામાં ક્યારેક ઢોલી સાથે
કદાચ તેના પરિવારની જ
કોઈ યુવતી થાળી વગાડતી હોય છે.
ગુરુ ભગવંતોના સામૈયામાં ગુરુ ભગવંતોની સમક્ષ
આવું વિચિત્ર દશ્ય ન લાવવું જોઈએ.
થાળી નહીં વાગતી હોય તો ચાલશે, પણ આપણી
મર્યાદાઓને આપણે ચુસ્તપણે વળગી રહેવું જોઈએ.
**બેન્ડવાળા કે શરણાઈવાળા પણ**
**ફિલ્મી ધૂન બિલ્કુલ ન વગાડે એવી તકેદારી રાખવી જોઈએ.**
યા ફિલ્મી ગીતમાં થોડા ફેરફાર કરીને
'પ્રભુ' જેવા શબ્દોને ગમે ત્યાં જોડીને ગાય
યા પ્રસિદ્ધ ફિલ્મી તર્જ પર ધાર્મિક ગીત ગાય
યા ધાર્મિક ગીતમાં પણ વચ્ચે વચ્ચે ફિલ્મી ધૂન વગાડે,
આ કશું પણ ચલાવી લેવું ન જોઈએ.
ઈતર લોકો અને સામૈયામાં ચાલતા આપણા લોકો ય
એવી ધૂનો સાંભળીને મનમાં તો પ્રસિદ્ધ ફિલ્મી
ગીતના શબ્દોનું જ અનુસંધાન કરતા હોય છે.
**વાત માત્ર શબ્દોથી જ નથી પતતી.**
**તે તે ગીતના ફિલ્મી દશ્યો પણ**
**એમના મનમાં ઉપસ્થિત થતા હોય છે.**
આપણે શા માટે બેન્ડવાળાને બોલાવ્યા હતા ?
શા માટે એમને પૈસા આપ્યા હતા ?
ધર્મ માટે કે અધર્મ માટે ?

હકીકતમાં બેન્ડવાળાને બુક કરતા પહેલા
**એમને પૂછવું જોઈએ કે અમારો આ પ્રસંગ છે**
**એને અનુરૂપ તમને કયાં ગીતો આવડે છે ?**
**કેટલા જૈન પ્રાચીન સ્તવનો તમને આવડે છે ?**
**અને ખાસ વાત –**
**એક પણ ફિલ્મી ધૂન ભૂલે–ચૂકે નહીં ચાલે.**
**Why can't we say so ?**

કેમ પૈસા આપવા છતાં
આપણે માંગણ જેવી લાચારી દાખવીએ ?
એને જૈન CD લેવી પડશે, સ્તવનો શીખવા પડશે,
રિયાઝ કરવો પડશે અને શુદ્ધ આપણા ગીતોને
શુદ્ધ આપણી રીતે પ્રસ્તુત કરવા પડશે.
Otherwise we have no need.

પૈસા આપીને પાપના પોટલા બાંધવાની
આપણને કોઈ જ જરૂર નથી.
**બેન્ડવાળા ફિલ્મી ધુન વગાડે રાખે**
**ને આપણે બધા આપણી ધુનમાં ચાલે રાખીએ**
**એવી શાસનના ધજાગરા જેવી સ્થિતિમાં**
**આપણે વહેલી તકે બહાર આવી જવા જેવું છે.**

ભલે આપણે બેન્ડવાળાને બુક ન કર્યા હોય,
આપણે શરૂઆતમાં જ એના કેપ્ટનને
એટલું તો જરૂર કહી શકીએ છીએ –
‘ફિલ્મી ધૂન બિલ્કુલ નહીં ચાલે.
જરા ધ્યાન રાખજો.’
તમે જો જો,

એ ત્યારે તો ફિલ્મી ધૂન નહીં જ વગાડે,
બીજા પણ આપણા પ્રોગ્રામમાં એવી હિંમત નહીં કરે.

**Customer is king.**
**શરત એટલી જ**
**કે એ જાગતો હોવો જોઈએ.**

દશ બેન્ડવાળા, પાંચ ગુરુ ભગવંતો ને પાંચ-દશ ભાઈઓ,
આવું સામૈયું નીકળવાનું છે,
એવો અણસાર આવી જાય
તો બેન્ડવાળાની બાદબાકી કરી દેવી સારી છે.
શ્રીસંઘના ઓછા-વત્તા ભાઈ-બહેનો જ
આદરપૂર્વક ગુરુ ભગવંતોને લેવા સામે આવે
તે શોભાસ્પદ રહેશે.

હકીકતમાં આજે સમય બદલાયો છે.
છાશવારે નીકળતા વરઘોડાઓ
ટ્રાફિક પ્રોબ્લેમ્સ અને નોઈસ પ્રોબ્લેમ્સ
ઊભા કરતા હોય છે.
શહેરી વર્ગ એનાથી કંટાળ્યો છે.

**જિનશાસનની પ્રભાવના માટેના વરઘોડાઓ**
**જિનશાસનની અપભ્રાજનાનું કારણ બને**
**એ આજની વાસ્તવિકતા છે.**
પરમ પાવન શ્રી **દશવૈકાલિક** આગમ કહે છે –

**काले कालं समायरे**
સમયને જોઈને સમયને ઉચિત કામ કરવું જોઈએ.
ઔચિત્ય વગરનો ધર્મ અધર્મ બની જાય છે.

"આ જૈનો પણ કેવા છે !
આ એમના વરઘોડામાં અટવાઈને
મારી ગાડી છૂટી જશે !
આ લોકો સમજતા જ નથી.
આખો રોડ જામ કરી નાંખ્યો...."
"અરેરે.... આજે સ્કુલ જવાનું લેટ થઈ જશે...
આ લોકોને બીજાઓનો વિચાર જ આવતો નથી."
"આ ગાડીની બદલે બુલડોઝર હોત ને તો..."
"આ મારા દીકરાની એકઝામ છે
એને શાંતિ જોઈએ છે
ને આ લોકો આટલો ઘોંઘાટ કરે છે.
**શું આને ધર્મ કહેવાય ?**
**શું ધર્મ આવું શીખવે છે ?**"
"અરે, આ રોડ તમારા...... નો છે કે ?
વરઘોડો કાઢવો હોય તો
તમારા કંપાઉન્ડમાં કાઢો ને....
અમને શા માટે આટલા હેરાન કરો છો ?"

કેવા લાગ્યા આ શબ્દો ?
આ કલ્પના નથી,
હકીકત છે.
**I don't say**
**કે બધાં વરઘોડા બંધ કરી દેવા જોઈએ.**
**I say**
**Please add some વિવેક.**
શહેરોમાં બિનજરૂરી ઢોલ-નગારા
સદંતર બંધ કરી દેવા જેવા છે.

**વિશિષ્ટ પ્રસંગોમાં જ**
**વહેલી સવાર જેવા અનુરૂપ સમયે જ**
**વિશિષ્ટ અનુશાસન**
**અને વિશિષ્ટ આચારસંહિતા સાથે જ**
**શહેરોમાં વરઘોડા નીકળે**
**તો એ શાસન પ્રભાવનાનું કારણ બની શકે.**

અનુશાસન એ કે આપણે ન ટોળામાં ચાલીએ,
ન બેફિકર થઈને રસ્તામાં ગમે ત્યાં ચાલીએ.
પણ રોડની એક સાઈડમાં
શિસ્તબદ્ધ રીતે ત્રણ-ત્રણ કે ચાર-ચારની હરોળમાં ચાલીએ.
જેથી રોડ આખો રોકાઈ ન જાય
અને કોઈ ટ્રાફિક પ્રોબ્લેમ ન થાય.
લોકો જોઈને આભા બની જાય
કે જૈનોની રીત-ભાત કેટલી સરસ છે !
કેટલી સરસ શિસ્ત ! કેવો ઉચ્ચ વિવેક !

**દશ બેન્ડ-વાજા ને પચાસ બગીઓથી**
**જે શાસનપ્રભાવના ન થઈ શકે,**
**તે આજના સમયમાં આવા અનુશાસનથી થઈ શકે છે.**

આપણે ઈચ્છીએ તો આ સુશક્ય છે.
ન ઈચ્છીએ તો અશક્ય છે.
આજની ટાઈટ વ્યસ્તતામાં, મંદીમાં અને મોંઘવારીમાં
સમય અને સંપત્તિનો આટઆટલો ભોગ
આપણે આપીએ છીએ,
તો શું આટલું અનુશાસન
આપણે ન પાળી શકીએ ?

**આના વિના બીજું બધું એળે જશે.**
**ફક્ત વેસ્ટ જ નહીં, ઉલ્ટુ માઈનસમાં જશે.**
**અને આ હશે તો બીજું બધું દીપી ઉઠશે.**

એ જ રુટ છે... એ જ વોક છે.
પણ આનાથી પગલે પગલે શાસનની પ્રભાવના છે.
શ્રીસંઘના પાંચ-સાત ભાઈ-બહેનો પણ
જો શાસન પ્રત્યેની લાગણીથી અનુશાસનની
જાળવણી માટેનો પ્રયાસ કરે તો આ શક્ય છે.

**Please, try once,**
**એ દશ્ય પણ આનંદનીય બનશે,**
**ને એ દશ્યના ભાગ બનવું પણ આનંદનીય બનશે.**
લોકો જ્યારે કહેશે,
કે **'શિસ્ત અને વિવેક તો જૈનોનો.'**
**ત્યારે જિનશાસનની ગરિમાને ખરેખર ચાર ચાંદ લાગી જશે.**

આચારસંહિતામાં પહેલી વાત એ
કે સ્કુલ જેવા સ્થાનોમાં બેન્ડ બંધ કરીને
ચૂપચાપ પસાર થઈ જવું જોઈએ.
**બીજી વાત,**
અનુચિત જગ્યાએ ઊભા ન રહી જવું જોઈએ.
જ્યાં આપણા રોકાવાથી બધાં તકલીફમાં મુકાઈ જતા હોય,
તેવી જગ્યાએથી ઝડપથી નીકળી જવું જોઈએ.
**ત્રીજી વાત,**
જે વિસ્તારો સહજ રીતે ગીચ રહેતા હોય,
તે વિસ્તારોને રુટમાં ન લેવો જોઈએ.
**ચોથી વાત,**

હવેની શૌચપ્રિય જનતાને
વરઘોડાને લીધે દર્શનગોચર થતા
છાણના પોદળાઓ સૂગ ઉપજાવે છે.
ગામડામાં વાંધો નથી.
શહેરમાં પણ જ્યાં ઢોરોની હર-ફર થતી જ હોય,
ત્યાં ય વાંધો નથી.
પણ એ સિવાયના વિસ્તારોમાં
રથયાત્રા સાથે 'ગંદકી'નું લેબલ ન લાગી જાય,
એ જોવાની જવાબદારી આપણી છે.
યા તાત્કાલિક સફાઈની જોગવાઈ,
યા 'ગંદકી' ન થાય એવા વિકલ્પોની શોધ.
કંઈક તો કરવું જ પડશે.

**આપણને ન અનુશાસન ફાવે**
**ન કોઈ આચારસંહિતા ફાવે**
**તો સમજી લેવું કે આપણે**
**જિનશાસનની ગરિમા સાથે**
**રમત રમી રહ્યા છીએ.**

Please, Return.
આ દુઃખનો રસ્તો છે.
૧૪૪૪ ગ્રંથ કર્તા પૂ.શ્રી હરિભદ્રસૂરિ મહારાજા
**અષ્ટક પ્રકરણ**માં કહે છે –

**यः शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्तते ।**
**स तन्मिथ्यात्वहेतुत्वा-दन्येषां प्राणिनां ध्रुवम् ॥**
**बध्नात्येव तदेवालं, परं संसारकारणम् ।**
**विपाकदारुणं घोरं, सर्वानर्थनिबन्धनम् ॥**

જે અનાભોગથી પણ = ભૂલથી પણ
જિનશાસનની અપભ્રાજનામાં નિમિત્ત બને છે,
તે બીજા અનેકોને મિથ્યાત્વ પમાડે છે
અને પોતે ય ચીકણું મિથ્યાત્વ બાંધે છે,
જે અનંત સંસારમાં રખડાવે છે. ભયંકર પરિણામ લાવે છે.
જે ઘોર છે ને સર્વ અનર્થોનું કારણ છે.

Please,
તમારી જાતને આટલી દુઃખી ન કરો.
May be, આ બધી વાતથી કોઈ એવું વિચારે
કે આપણે કદી વરઘોડામાં જવું જ નહીં,
ન રહેગા બાંસ-ન બજેગી બાંસુરી-
He is in darkness.
ન જવાનો દોષ મોટો છે.
**पायच्छित्तं जम्हा अकए गुरुअं**
ન કરવામાં મોટું પ્રાયશ્ચિત્ત આવે છે
**कए लहुअं**
કરવા જતા કદાચ કોઈ અવિધિ થઈ જાય,
એનું નાનું પ્રાયશ્ચિત્ત આવે છે.
**નુકશાનની શંકાથી કાંઈ ધંધો બંધ કરી દેવાતો નથી.**
**પણ સાવધાનીથી કમાણી થાય**
**એ રીતે કરવાનો પ્રયાસ કરવામાં આવે છે**
**એ જ રીતે ધર્મની બાબતમાં પણ સમજવું જોઈએ.**
બાકી,
ધર્મ વિના તો ઉદ્ધાર નથી જ.
સુખી થવું હોય તો ધર્મનું જ શરણ લેવું પડશે.

પશુ–રથની બાબતમાં એક બીજી વાત,
પશુની જેટલી ક્ષમતા હોય એના કરતા
રથનું વજન કંઈક ઓછું હોવું જોઈએ.
**બગીવાળો કહે – રજા આપે**
**તો પણ વધુ પડતી વ્યક્તિઓએ**
**કદી પણ બગીમાં બેસવું ન જોઈએ.**

આપણા કારણે બળદ/ઘોડાને આજીવિકા મળે છે,
એની કતલ થતી અટકે છે, એ વાત સાચી છે,
પણ લોકોની દૃષ્ટિ ત્યાં સુધી નથી જતી,
તેમને તો પ્રત્યક્ષ દેખાતો વધુ પડતો ભાર,
પશુઓનો ત્રાસ ને કદાચ તેમની મારપીટ
આ બધું આંખે ઉડીને વળગે છે.

**જીવદયાની વાતો કરનારા જૈનો**
**આવું શી રીતે કરી શકે**
**એનો જવાબ તેમને ક્યાંયથી મળી શકતો નથી.**
**હોય જ નહીં તો મળે ક્યાંથી ?**
શ્રાવકના પ્રથમ અણુવ્રતનો એક અતિચાર છે –

**अइभारे** - પશુ પર ખૂબ ભાર લાદ્યો.
શ્રાવકે પોતાના સાંસારિક કાર્યમાં પણ
આવું કરવું એ ઉચિત નથી.
તો જિનશાસનના કાર્યમાં, એ પણ જાહેર રીતે આવું કરવું
એ તો સુતરાં ઉચિત નથી.
આ પણ એક જાતની જિનશાસનની અપભ્રાજના છે.

**જોનારી વ્યક્તિ આવા એક જ દૃશ્યથી**
**જિનશાસનને માપતી હોય છે ને જીવનભર**

**એની ખરાબ છાપને પોતાના મનમાં સંઘરી રાખતી હોય છે.**
નથી એના કોઈ બચાવો થઈ શકતા
કે નથી તો કોઈ ખુલાસા થઈ શકતા.
બે–ચાર જણની ભૂલથી
આખું ય જિનશાસન બદનામ થતું હોય છે.
**અષ્ટક પ્રકરણ** કહે છે –

**अतः सर्वप्रयत्नेन, मालिन्यं शासनस्य तु ।**
**प्रेक्षावता न कर्तव्यं, प्रधानं पापसाधनम् ॥**

તમારામાં થોડી પણ બુદ્ધિ હોય,
તો કદી પણ જિનશાસનની અપભ્રાજના નહીં કરતા,
એને રોકવા માટે તમારી બધી જ શક્તિ કામે લગાડી દેજો
જિનશાસનની અપભ્રાજના એ સૌથી મોટું પાપ છે.

Please awake,
થોડી જાગૃતિથી અઢળક કમાણી છે.
ધંધા વગેરેમાં જેટલું અટપટાપણું હોય છે,
જેટલી માથાકૂટ ને મથામણ હોય છે,
જેટલું જોખમ પણ હોય છે,
તેની તુલનામાં આમાં કશું જ નથી.
ધંધો કદાચ બરાબર પાર પડે તો ય
આ ભવ પણ સુરક્ષિત થતો નથી.
**જિનશાસનની પ્રભાવનામાં આપણે નિમિત્ત બનીએ**
**તો ખરેખર ભવોભવનું દળદર ફીટી જાય છે.**
**સદ્ગતિની પરંપરા સાથે પરમગતિનું પરમ સુખ**
**આપણું સ્વાગત કરે છે.**

**અષ્ટક પ્રકરણ** કહે છે –

**कर्त्तव्या चोन्नतिः सत्यां शक्ताविह नियोगतः ।**
**अवन्ध्यं बीजमेषा यत्, तत्त्वतः सर्वसम्पदाम् ॥**

**अत उन्नतिमाप्नोति, जातौ जातौ हितोदयाम् ।**
**क्षयं नयति मालिन्यं, नियमात् सर्ववस्तुषु ॥**

તમારામાં શક્તિ હોય તો અવશ્ય અવશ્ય
અવશ્ય જિનશાસનની ઉન્નતિ કરજો,
**જિનશાસનની ઉન્નતિ એ જ સર્વ સંપત્તિઓનું અમોઘ બીજ છે.**
આનાથી દરેકે દરેક જન્મમાં એવી ઉન્નતિ મળે છે,
જેનાથી આત્માનું હિત જ થાય.
જિનશાસનની ઉન્નતિ કરનારને
કોઈ જન્મમાં કોઈ વસ્તુ હલકી મળતી નથી.
Top કુળ, Top શરીર, Top વૈભવ,
Top સુખ, Top કીર્તિ, Top જીવન.

**Yes, This is Jinshasan.**
**તેની નાનામાં નાની સેવાનો પણ મોટામાં મોટો પ્રભાવ છે.**
**એની થોડી પણ પ્રભાવના આપણને ન્યાલ કરી દે તેવી છે.**
વરઘોડા વગેરેની બાબતમાં
અહીં સુધી જે કર્તવ્ય કહ્યું તે ફરજિયાત છે.
આપણી ઈચ્છા કે અનુકૂળતાથી
એમાં કોઈ જ બાંધછોડ કરવા જેવી નથી.

**એમાં બાંધછોડનો અર્થ છે શાસન અપભ્રાજના.**
**કોઈ પણ ભોગે એમાં કોઈ કોમ્પ્રોમાઈઝ ન કરવું**
**એ જ ઈચ્છનીય છે.**

હવે જે વાત કહેવાય છે
તે કર્તવ્ય તો છે જ પણ મરજીયાત છે.

તમારાથી શક્ય હોય તો અવશ્ય કરજો.
વરઘોડામાં બેન્ડ ને ઢોલી વગેરેને
અઢળક રૂપિયા આપી દેવામાં આવે છે,
એના દૂષણો આપણે જોઈ ચૂક્યા છીએ.
વર્તમાનકાળની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને
પ્રતિકરૂપે એક જ બેન્ડ રખાય અથવા બેન્ડ રખાય જ નહીં.
અને બેન્ડ ખાતે જતી સંપત્તિને
પાઠશાળાના બાળકોને ખાસ રીતે અપાય.
જેમ કે
**સારા સુવાક્યો-સંદેશોના**
**બોર્ડ-બેનર લાવીને ચાલવાની સ્પર્ધા.**
**સારો સંદેશ આપતી વેષભૂષાની સ્પર્ધા.**
**જુદી જુદી પાઠશાળાઓની શ્રેષ્ઠ શિસ્ત અને શ્રેષ્ઠ વેષની સ્પર્ધા.**
તો એ વરઘોડો આજના શહેરી લોકોને પણ
ઉમળકાથી જોવા યોગ્ય થશે.
પ્રેરક સંદેશો દ્વારા જીવનને ઉચ્ચ ધ્યેય તરફ
દોરી જવાનું સુંદર આલંબન મળશે.

**શ્વેત વસ્ત્રોમાં કે રંગબેરંગી પૂજાના વસ્ત્રોમાં**
**એકદમ શિસ્તબદ્ધ નિયત હરોળોમાં ચાલ્યા જતા**
**બાળકોની કલ્પના પણ કેટલી રોમહર્ષક છે !**

જેઓ અભક્ષ્ય ને અપેયના વ્યસની છે
જેમને આપણે આપણા ઘરમાં હરગીઝ ન આવવા દઈએ,
યુનિફોર્મ વિના હોય
તો જેમને જોવા ય આપણે પસંદ ન કરીએ,
એવા વિધર્મીઓનું તરભાણું ભરવા માટે
હજારો રૂપિયા લૂંટાવી દેવા કરતાં

આપણા જ બાળકોનું સુંદર બહુમાન કેમ ન કરીએ ?
I Say,
Try for this purpose.
લોકોને પ્રેરણો કરો,
કે 'તમને જે બાળકનો સંદેશ ગમે,
જેની વેષભૂષા કે શિસ્ત તમને પસંદ આવે
એનું on the spot બહુમાન કરતા જાઓ.'
ખરેખર ખૂબ મજા આવશે.

First benefit,
પાઠશાળાઓને પ્રોત્સાહન મળશે.
પાઠશાળાના છોકરાઓ વધુ નિયમિત થશે.
નવા છોકરાઓ પણ જરૂરથી પાઠશાળામાં જોડાશે.

Second benefit,
આજના વરઘોડાઓનું કંટાળાજનક અને ઘોંઘાટજનક
જે સ્વરૂપ છે તે ધરમૂળથી બદલાઈ જશે.
**વરઘોડો ખરેખર Interesting બની જશે.**
**અન્યોને જોવા યોગ્ય ને જૈનોને જોડાવા યોગ્ય બનશે.**

Third benefit,
સામૈયા વગેરેમાં શ્રીસંઘનું એક મર્યાદિત–
અતિમર્યાદિત વર્તુળ જ આવતું હોય છે.
એમાં ય નવી પેઢીને તો એમાં કશું ય ઉપાદેય લાગતું નથી.
કદાચ એમની દૃષ્ટિમાં આ એક meaning-less હશે.
એક દૂષણ હશે.
આ Change થાય તો વરઘોડો તેમના માટે પણ
Important & Meaningfull થઈ જશે. એક ભૂષણ બની જશે.

Fourth benefit,
શ્રીસંઘના પ્રસંગો - ગુરુ ભગવંતોના આગમનો - આ બધા
સાથે બાળકોને પ્રાયઃ કાંઈ લાગતું-વળગતું હોતું નથી,
આ Change થી બાળકો શ્રીસંઘ સાથે જોડાશે.
ધીમે ધીમે તેમને શ્રીસંઘના પ્રસંગો સાથે આત્મીયતા બંધાશે.
I mean શ્રીસંઘના પ્રસંગો તેમને પોતાના પ્રસંગો લાગશે.

**બાળકોને આવી આત્મીયતા મળે**
**એના માટે આપણે બધું જ કરી છૂટવું જોઈએ.**
**તેઓ જ શ્રીસંઘનું ભવિષ્ય છે.**

Fifth benefit,
આપણા કાર્યક્રમો ઢમ્ઢમ્ ને મમ્મમ્ થી ઓળખાતા હોય છે.
થોડા ચોક્ખા શબ્દોમાં કહું તો વગોવાયા હોય છે.
આ ઢાંચાથી જ્ઞાન અને વિવેકના સ્તરે
આપણે પછાત બન્યા છીએ એ એક હકીકત છે.

**ધૂમધામોનું સ્થાન જ્ઞાનશિબિરો લે**
**એ આજના સમયની તાતી જરૂરીયાત છે,**
પણ સંપૂર્ણ પરિવર્તન તો એકદમ શક્ય ન બને.

પરંપરાગત કેટલાક કર્તવ્યોનો
સમૂળગો ત્યાગ પણ ઉચિત નથી હોતો.
આ સ્થિતિમાં તે તે કર્તવ્યને જ આવા ઉપાયોથી
જ્ઞાનસભર અને વિવેકસભર બનાવવાનો નક્કર પ્રયાસ
કરવામાં આવે તો ખરેખર બધું જ સચવાઈ જશે.

**શ્રીસંઘને તાત્ત્વિક રીતે લાભ થશે**
**અને અપભ્રાજનાનું સ્થાન પ્રભાવના લેશે.**

I accept,
પ્રાચીન કાલથી ઢોલી વગેરેનું કાર્ય
અનુસૂચિત જનજાતિઓ જ કરતી આવી છે.
પૂર્વના કાળમાં જેમ 'જાતિ'ને કારણે
તેમનો નિષેધ કરાતો ન હતો,
તેમ આજના કાળમાં ય ફક્ત 'જાતિ'ના મુદ્દે
તેમનો બહિષ્કાર ન જ કરી શકાય.
પણ જ્યારે વર્તમાન દેશ-કાળમાં
આ બધો આડંબર 'ઘોંઘાટ'ના ખાતે જ જતો હોય,
ત્યારે ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે જ.

**મૂળ વાત તો એ છે**
**કે પૈસાનો વરસાદ કરવા માટેના**
**સુયોગ્ય પાત્ર એ અનુસૂચિત જનજાતિ છે**
**કે પછી શ્રીસંઘના સ્વર્ણિમ ભવિષ્યરૂપ**
**એવા આપણા બાળકો છે ?**

I tell you a fact.
આ લખી રહ્યો છું
એના ચોવીશ કલાકની અંદર
મારા માથા પરથી હજારો રૂપિયા ગોળ ગોળ ફેરવીને
ઢોલીની ઝોળીમાં સમર્પિત કરી દેવાયા છે.
મેં નથી નોટોનો આંકડો જોયો કે નથી હિસાબ કર્યો.
પણ વરઘોડા પછી એક યુવાને મને કહ્યું -
'નવી નોટો લોકોને મળતી પણ નથી
ને આ લોકો બે-બે હજારની નવી નોટો
બધાને દેખાડી દેખાડીને ઢોલીને આપતા જાય છે.'

**આવું બહુમાન જ્ઞાનાર્જનના ક્ષેત્રે થવા લાગે,**
**તો આપણા આખા ય શ્રીસંઘનો જીર્ણોદ્ધાર થઈ જાય.**
**કદાચ એક પ્રાચીન તીર્થના જીર્ણોદ્ધાર કરતા ય વધી જાય.**

જે વાત બાળકો માટે કહી છે,
તે વાત મોટાઓને પણ લાગુ પડી શકે.
તેઓ પણ સુંદર સુવાક્ય-સંદેશના બોર્ડ-બેનર લઈને
શિસ્તબદ્ધ ચાલે તો શાસનની શોભા પણ વધશે
અને જ્ઞાનનો પ્રસાર પણ થશે.
તેમને પોતાને ય એવી અનુભૂતિ થશે
કે આપણે બહુ સારું કાર્ય કર્યું.

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાએ
સમકિતના સડસઠ બોલની સજ્ઝાયમાં
પ્રભાવનાની બહુ સરસ અને સચોટ વ્યાખ્યા આપી છે -

**જિનશાસન ગુણ વર્ણના, જેહથી બહુ જન હુંત ।**
**કીજે તેહ પ્રભાવના, પાંચમું લક્ષણ ખંત ॥**

સમ્યક્ત્વનું પાંચમું ભૂષણ છે
જિનશાસનની પ્રભાવના.
એવું કૃત્ય કે જેનાથી ઘણા લોકો જિનશાસનના
ગુણોની અનુમોદના કરે એ જિનશાસનની પ્રભાવના છે.
સમકિતી આત્માએ ખંતપૂર્વક આવું કૃત્ય કરવા જેવું છે.
વાત માત્ર વરઘોડા કે સામૈયાની જ નથી,
આપણે જેને જેને શાસનપ્રભાવનાનું કાર્ય ગણીએ છીએ
તે દરેક કાર્યને આ વ્યાખ્યાથી માપવા જેવું છે.
**જો આ વ્યાખ્યા એમાં લાગુ પડે છે**
**તો એ શાસન પ્રભાવના છે,**

**ને જો પરિસ્થિતિ આ વ્યાખ્યાથી વિપરીત છે**
**તો એ શાસન અપભ્રાજના છે.**

યાદ આવે શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી મહારાજા –

**हया अन्नाणओ किया ।**
કર્યું તો ઘણું બધું
પણ અજ્ઞાનને કારણે બધું જ ફોગટ ગયું.

ચાલો,
હવે બહુ થઈ ગયું,
હવે કંઈક સમજીએ અને જે કરીએ છીએ
એને Actual કરવાનો પ્રયાસ કરીએ.
જે કરીએ છીએ
એનું ઉત્કૃષ્ટ ફળ પામવાનો પ્રયત્ન કરીએ.

**I tell you one secret,**
**આપણી આ ભવની પણ**
**શારીરિક, માનસિક, પારિવારિક, આર્થિક**
**બધી જ સમસ્યાઓનું સમાધાન**
**બધી જ ઉપાધિઓનો ઉકેલ જિનશાસનની સેવામાં રહેલો છે.**

આવું અદ્ભુત જિનશાસન મળ્યું,
પછી આપણને જ્યાં ત્યાં ફાંફા મારવાની કોઈ જ જરૂર નથી.
આપણે ફક્ત જિનશાસન પ્રત્યે સમર્પણ દાખવીએ,
શુદ્ધ સમર્પણ.
કાયમી સમર્પણ.

**આપણી રગ રગમાં જિનશાસન વહેતું થઈ જાય**
**એટલે આપણે નિશ્ચિંત.**

**પછી આપણી બધી જ જવાબદારી**
**જિનશાસનના માથે હશે.**

'વરઘોડામાં જતા પહેલાં'
આ તો માત્ર એક ઉપલક્ષણ છે.
આવી તો સેંકડો બાબતો હોઈ શકે છે.
સાર એ છે
કે ચિંતામણિ રત્ન જેવું જિનશાસન પામીને
આપણે શા માટે દુઃખી રહીએ ?
એની સમ્યક્ આરાધના
આપણને ન્યાલ કરી દેવા સક્ષમ હોય,
તો ય આપણે શા માટે ઉદાસીન રહીએ ?

**Please,**
**Come on,**
**જે કરો એ perfect કરો.**

તમને ખ્યાલ ન આવે
તો ગીતાર્થ ગુરુ ભગવંતોને પૂછો.
દરેક શ્રાવકના માથે એવા કોઈ સાધુ ભગવંત હોવા જોઈએ
અને દરેક શ્રાવિકાના માથે
એવા કોઈ સાધ્વીજી ભગવંત હોવા જોઈએ,
જેમના માર્ગદર્શનપૂર્વક જ પ્રત્યેક ધર્મક્રિયા થાય
અને તેના દ્વારા એ ખરા અર્થમાં
ધર્મક્રિયા બની જાય.
એનું સાચું અને ઉત્કૃષ્ટ ફળ પ્રાપ્ત થાય.

**શરીરને સ્વસ્થ કરવા માટે**
**ડોક્ટરને સમર્પણ કરીએ જ છીએ**

**એ રીતે**
**આત્માને સ્વસ્થ કરવા માટે**
**ગુરુને સમર્પણ કરવું જ પડશે.**

મનમાનીથી કરેલ ધર્મ
એ હકીકતમાં પોતાની જ જાતને
છેતરવા જેવું છે.
I suggest a book – આજ્ઞાયોગ.
એમાં આ બાબતનું શાસ્ત્રીય માર્ગદર્શન છે.

**Please try to follow it**
**wish you all the best.**

My dear Jinshasan !
I have a desire,
કે તારા માટે મરી ફીટું હું....
તારા માટે બધું જ કરી છુટું હું...
દુનિયાભરમાં
તારી ધજાને લહેરાવી દઉં
તારી અસ્મિતાને
બધાંના ય હૃદયમાં પ્રતિષ્ઠિત કરી દઉં.
તારા ગૌરવને
અનંતગણું બનાવી દઉં....

My dear,
જ્યારે તારી સાથે Rough behavior થાય છે ને,
ત્યારે હું સમસમી જાઉં છું,
જ્યારે કોઈ તારી credit સાથે game રમે છે,
ત્યારે મારું લોહી ઉકળી ઉઠે છે.

I know,
They need the right knowlege.
They don't know,
what they do...
I want to spread the right knowledge,
Jinshasn !
Please, Help Me.